ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૦૧-૦૫-૨૦૨૫

- અમૂલ 'બેસ્ટ ઓફ ફાર્મર' થકી 'ટેસ્ટ ઓફ ઈન્ડિયા' બન્યું છે,તે અમૂલને આજે 'રેસ્ટ ઓફ ફાર્મર' બનાવી દીધુ છે. - મનહર પટેલ

૨૦૧૬ મા મોદી સરકારે ખેડૂતોની આવક ૨૦૨૨ માં બમણી કરવાનુ વચન આપ્યુ તેમ ૨૦૧૯ ના બજેટમાં પશુ પાલકોની આવક ૨૦૨૫ માં બમણી કરવાનુ વચન આપ્યુ હતુ. બંને વચનો જુમલા અને ખેડૂતોની મશ્કરી બરાબર સાબિત થયા....

ભાજપા સરકારમા ખેતી મરણ પથારીએ ઉભી છે, એ ભાજપા સરકારનુ લક્ષ મુજબનુ પરિણામ છે, ખેતીને અને ખેડૂતને સઘન અને સધ્ધર બનાવવાનો ઇરાદો હોય તો સરકાર ખેડૂત સાથે વેપારી ધોરણે નહી અન્નદાતા સમજીને વહેવાર કર્યો હોત...

પશુ પાલકોના ભોગે કોર્પોરેટને ગોદમાં બેસાડીને ભાજપા સરકાર સ્વ ત્રિભુવનદાસભાઇ પટેલના સપનાને ચકનાચુર કરી રહી છે.

ઉદાહરણ :

તા.30.04.૨૦૨૫ રોજ અમૂલે એક લિટરે ૨ રૂપિયાનો વધારો ઝીક્યો.... એટલે કે ૬0 લિટરે ૧૨૦/- રૂપિયાનો વધારો કર્યો..

જયારે અમૂલે ખેડૂતોને ૧ kg ફેટમા ૨૫/- રૂપિયાનો વધારો કર્યો,એટલે કે ખેડૂતોને ૧ લિટરે દૂધે માત્ર ૪૨ પૈસાનો વધારો કર્યો..(૬0 લિટર ભેંસના દૂધમાંથી ૧ kg ફેટ મળે છે)

એટલે કે,

✔ અમૂલ ગ્રાહકોને ૬0 લિટર દૂધ વેચે તો અમૂલને ૧૨૦/- મળે.અને

✔ ખેડૂત અમૂલને ૬0 લિટર દૂધ વેચે તો ખેડૂતોને ૨૫/- મળે.

આને કહેવાય ખેડૂતનો વેપાર કરતી સરકાર...

એટલે કહુ છુ ખેડૂત વિરોધી ભાજપા સરકાર..

ભાજપા સરકાર અને ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશન લિ.ને અમારી આગ્રહભરી વિનતી છે કે આમ જનતાને વેચાતા દૂધના ભાવમાં કરેલ ભાવ વધારો અને ખેડૂતોને ચૂકવવામાં આવતા ફેટના ભાવમાં કરેલ ભાવ વધારામા પાંચ ગણો તફાવત જોવા મળે છે, જે પશુપાલકોના વ્યવસાય ઉપર ગંભીર અસર કરનારો છે, માટે ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશન લિ. જે ભાવ વસૂલે છે તે મુજબ પશુપાલકોને પણ ફેટના ભાવ ચૂકવવામાં આવે.

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ